# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

**અખબારી યાદી** **તા. ૧૨/૦૧/૨૦૨૩**

- **આવનારી જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા પ્રભારીઓની નિમણુંક. : શ્રી જગદીશ ઠાકોર**
- **નિમણુંક પામેલ પ્રભારીશ્રીઓ સ્થાનિક સંગઠન સાથે તાલમેલ કરી ઉમેદવારની ચયન પ્રક્રિયા હાથ ધરશે. : શ્રી જગદીશ ઠાકોર**
- **નગરપાલિકાઓમાં દરેક ફ્રન્ટલ, સેલ, ડીપાર્ટમેંટ તથા સ્થાનિક સંગઠન સાથે મળી પ્રભારીશ્રી "હાથ સે હાથ જોડો" પદયાત્રાનું સંકલન હાથ ધરશે. : શ્રી જગદીશ ઠાકોર**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ **શ્રી જગદીશ ઠાકોરે** એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૭૧ નગરપાલિકાની ચૂંટણીઓ માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા પ્રભારીઓની નિમણુંક કરવામાં આવી છે.

**ખેડા જીલ્લા પંચાયત**ના ઇન્ચાર્જ તરીકે શ્રી ભીખાભાઈ રબારી, પૂર્વ મંત્રીશ્રી, શ્રી નટવરસિંહ મહીડા, સભ્ય, શિસ્ત સમિતિ, શ્રી ચંદ્રિકાબેન બારિયા, પૂર્વ ધારાસભ્ય – **બનાસકાંઠા જીલ્લા પંચાયત**ના ઇન્ચાર્જ કુ. અલકાબેન ક્ષત્રિય, પૂર્વ સાંસદ, શ્રી મુકેશભાઈ ચૌધરી (ખેરાલુ), શ્રી ભરતજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય – **ગાંધીનગર તાલુકા પંચાયત**ના ઇન્ચાર્જ શ્રી દીપસિંહ ખાંટ, મહામંત્રી, શ્રી નીખીલ રણછોડભાઈ દેસાઈ, **કઠલાલ તાલુકા પંચાયત**ના ઇન્ચાર્જ શ્રી ધનાભાઇ દેસાઈ (ઓઢવ), **કપડવંજ તાલુકા પંચાયત**ના ઇન્ચાર્જ શ્રી જગતસિંહ ચૌહાણ (પાલુંન્દ્રા) સહીત **૭૧ નગરપાલિકાના** ઇન્ચાર્જ પ્રભારીઓની નિમણુંક કરવામાં આવેલ છે.

નિમણુંક પામેલ પ્રભારીશ્રીઓ સ્થાનિક સંગઠન સાથે તાલમેલ કરી ઉમેદવારની ચયન પ્રક્રિયા હાથ ધરશે. તથા નગરપાલિકાઓમાં દરેક ફ્રન્ટલ, સેલ, ડીપાર્ટમેંટ તથા સ્થાનિક સંગઠન સાથે મળી પ્રભારીશ્રી **"હાથ સે હાથ જોડો"** પદયાત્રાનું સંકલન પણ હાથ ધરશે.

પ્રભારીશ્રીઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વોર્ડનું સંગઠન, સેકટરનું સંગઠન અને પોલીંગ સ્ટેશન સમિતિ તથા યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., સેવાદળ અને સ્થાનિક સંગઠન સાથે તાલમેલ કરી ચૂંટણીનું બુથ મેનેજમેન્ટ અને આવનારા પક્ષના કાર્યક્રમો તથા **"હાથ સે હાથ જોડો"** પદયાત્રાનું સંકલન હાથ ધરશે.

હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા - 9898233038